તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬, રવિવાર ; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાકિસ્તાનને પડકાર ફેંકતા પ્રધાનમંત્રી



**કોઝીકોડેમાં મોદીએ અસલ અંદાજમાં પાકિસ્તાનને પડકાર ફેંક્યો : પાક લીડર ત્રાસવાદીઓના પત્રો વાંચીને કાશ્મીરના ગીત ગાય છે : બંને દેશ સાથે આઝાદ થયા પરંતુ ભારત સોફ્ટવેરની નિકાસ કરે છે, પાક ત્રાસવાદની નિકાસ કરે છે : પાક લોકો લીડરોને સીધા પ્રશ્ન કરે તેવી અપીલ**

દિલ્હી, તા.૨૪

ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલા બાદ પોતાની પ્રથમ જાહેરસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના અસલ અંદાજમાં પાકિસ્તાનની જોરદાર ઝાટકણી કાઢી હતી. અને કહ્યું હતું કે, બંને દેશો એક સાથે આઝાદ થયા હતા. આજે ભારત સોફ્ટવેરની નિકાસ કરે છે જ્યારે પાકિસ્તાન ત્રાસવાદીઓની નિકાસ કરે છે. કોઝીકોડેમાં ભાજપની રેલીમાં તેઓએ પાકિસ્તાનની જોરદાર ટિકા કરી હતી. ભાજપની રાષ્ટ્રિય પરિષદની બેઠકમાં હાજરી આપવા મોદી પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાની લીડરો ત્રાસવાદીઓના આકાઓના પત્રો આંતરરાષ્ટ્રીય મંચ ઉપર વાચી રહ્યા છે. આતંકવાદીઓના પત્રો વાંચીને કાશ્મીરના ગીત ગાઈ રહ્યા છે. તેમણે દેશના લોકોને ખાતરી આપતા કહ્યું હતું કે, ઉરીમાં શહીદ થયેલા ૧૮ ભારતીય જવાનોની કુરબાની એળે જશે નહીં. તમામ પડકારોનો સામનો કરવા માટે અને ત્રાસવાદને પછડાટ આપવા ભારત તૈયાર છે. ઉરી હુમલા કેરળમાં પ્રથમ જાહેર સભા સંબોધતા મોદીએ પાકિસ્તાનને આડેહાથ લેતા કહ્યું હતું કે, પાકિસ્તાનના શાસકો સાંભળી લે, અમારા ૧૮ જવાનોનું બલિદાન એળે નહીં જાય. ૨૧મી સદી એશિયાની છે. પરંતુ એક દેશને કારણે એશિયા રક્તરંજીત થઈ રહ્યું છે. મોદીએ ઉરી હુમલા અંગે કહ્યું હતું કે, પાડોશી રાષ્ટ્રમાંથી આવેલા આતંકીઓને કારણે દેશના ૧૮ જવાનો શહીદ થયા.

● અનુસંધાન પાન-૭ પર

# ત્રણેય સેનાના વડા સાથે મોદીની ચર્ચા

**ઉરી હુમલા બાદ જવાબી કાર્યવાહી ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા : સરહદ પાર થઇ રહેલી યુદ્ધની તૈયારીઓ અને ભારતની જવાબી કાર્યવાહીના સંદર્ભમાં ઉંડાણપૂર્વક ચર્ચામાં રાષ્ટ્રીય સલાહકાર અજીત દોભાલ પણ હાજર**



નવીદિલ્હી,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ સાત લોકકલ્યાણ માર્ગ પર સેનાના પ્રમુખની બેઠક થઈ હતી. આ બેઠકમાં ઉરી હુમલાના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવતી હતી. મોદીએ ઉરી હુમલા બાદ જવાબી કાર્યવાહીના સંદર્ભમાં ત્રણેય સેના પ્રમુખ સાથે વાતચીત કરી હતી. સાથે સાથે સરહદ પાર થઈ રહેલી યુદ્ધની તૈયારીઓ અને અહીંની જવાબી કાર્યવાહીના સંદર્ભમાં વાતચીત થઈ હતી. આ બેઠકમાં ભૂમિ સેનાના વડા જનરલ દલબીરસિંહ સુહાગ, હવાઈ દળના વડા એરચીફ માર્શલ અરુપ રાહા, નૌકા સેનાના ઉપપ્રમુખ વાઈસ એડમિરલ કરમવીરસિંહ સામેલ થયા હતા. રવિવારના દિવસે ઉરીમાં આતંકવાદી હુમલો કરાયો હતો. વડાપ્રધાન તરફથી દેશની સુરક્ષા અને ઉરી હુમલા બાદ જવાબી કાર્યવાહીને લઈને નિવેદન આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજ કારણસર સેનાના ત્રણેય પ્રમુખો સાથે વાતચીત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# પાક સાથે ક્રિકેટ મેચ રમવાનો કોઈ અર્થ નથી : અનુરાગ ઠાકુર

**બીસીસીઆઈના વડા અનુરાગ ઠાકુર, સૌરવ ગાંગુલી, ચેતન ચૌહાણ દ્વારા પણ પાકિસ્તાનની જોરદાર ઝાટકણી**



નવીદિલ્હી,તા. ૨૪

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ બીસીસીઆઈના વડા અનુરાગ ઠાકુરની પ્રતિક્રિયાનો પણ જવાબ આપ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચોને લઈને હવે પ્રતિક્રિયા શરૂ થઈ છે. સૌરવ ગાંગુલીએ આક્રમક અંદાજમાં કહ્યું છે કે, જ્યાં સુધી ભારતમાં સરહદ પારથી ત્રાસવાદને પાકિસ્તાન બંધ કરશે નહીં ત્યાં સુધી તેની સાથે ક્રિકેટ સંબંધો પર વાતચીત પુનઃ શરૂ કરવાનો કોઈ મતલબ નથી. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં સૌરવ ગાંગુલીએ કહ્યું છે કે, અગાઉ પણ આવું થઈ ચુક્યું છે. બંને લોકો ઘણી શ્રેણી રદ કરી ચુક્યા છે. જ્યારે સરહદ ઉપર આતંકવાદી ગતિવિધિ ચાલી રહી છે ત્યારેબંને દેશો

● અનુસંધાન પાન-૭ પર


## જોઈએ છે

મેસર્સ નિખિલ શાહ એન્ડ કું. સી.એ. પેઢીને હિસાબી તેમજ ઑડીટની કામગીરી માટે બી.કોમ. / એમ.કોમ. / એમ.બી.એ. સાથે કોમ્પ્યુટરના જાણકાર. અનુભવી / ફ્રેશ ઉમેદવારોની જરૂરિયાત છે. બાયોડેટા સાથે રૂબરૂ મળો.

સંપર્ક : સી.એ. રાકેશ પટેલ - (૯૮૨૪૦ ૫૯૩૩૨)

૩૧૪, પ્રતિક મોલ, ગાંધીનગર-કોબા રોડ, સીટી પલ્સ સીનેમાની બાજુમાં, સુડાસણ, ગાંધીનગર

Mail ID : carakeshpatel@gmail.com

સીટી પલ્સ વિસ્તારના ઉમેદવારને અગ્રીમતા


# પ્રથમ ટેસ્ટમાં જાડેજા-અશ્વિનનો તરખાટ

**ત્રીજા દિવસે ન્યુઝીલેન્ડની ટીમ માત્ર ૨૬૨ રન કરીને ઓલઆઉટ જાડેજાએ ૭૩ રન આપી ૫ અને અશ્વિને ૯૩ રનમાં ૪ વિકેટ ઝડપી**



કાનપુર,તા. ૨૪

કાનપુરમાં ગ્રીન પાર્ક ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે ભારતે શાનદાર વાપસી કરીને ૫૦૦મી ટેસ્ટ મેચમાં જીત માટેની તકો સર્જી દીધી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૩૧૮ રનમાં ઓલઆઉટ થયા બાદ બાદ ન્યુઝીલેન્ડે જોરદાર શરૂઆત કરી હતી અને વરસાદ અને ખરાબ હવામાનના કારણે રમત બગડે તે પહેલા એક વિકેટે ૧૫૨ રન બનાવી લીધા હતા. ગઈકાલે શુક્રવારે ૧૫૨ રનથી આગળ રમતા ન્યુઝીલેન્ડ ટીમનો જોરદાર ધબડકો થયો હતો અને એક પછી એક નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી જેના લીધે ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમ દાવમાં ૨૬૨ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ગઈકાલે ગુપ્ટિલ ૨૧ રન કરીને આઉટ થયો હતો જ્યારે લાથમ ૫૬ અને વિલિયમસન ૬૫ રન સાથે રમતમાં હતા. તેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમનો આજે ધબડકો થયો હતો અને તેની ટીમ ૨૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડે તેની છેલ્લી નવ વિકેટ ૧૧૦ ગુમાવી હતી. ભારત તરફથી જાડેજા અને અશ્વિન છવાયેલા રહ્યા હતા. બંનેના તરખાટ સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેનો ટકી શક્યા ન હતા. જાડેજાએ ૭૩ રન આપીને પાંચ વિકેટ ઝપડી હતી જ્યારે અશ્વિન ૯૩ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. અશ્વિન વિન્ડિઝ સામેની છેલ્લી શ્રેણીમાં મેન ઓફ દ સિરિઝ જાહેર થયો હતો.

અગાઉ ગઈકાલે કાનપુરના ગ્રીન પાર્ક મેદાન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે વરસાદ વિલન બનતા રમત બગડી હતી. બીજા દિવસે ભારતીય ટીમ ૩૧૮ રન કરીને ઓલઆઉટ થયા

# સાબરમતીને કાલુપુરના વૈકલ્પિક સ્ટેશન તરીકે વિકસિત કરાશે

**દિલ્હી જતી ટ્રેનો સાબરમતીથી ઉપડે તેવી તૈયારી હાથ ધરાઈ : વધુ પ્લેટફોર્મ બનાવાશે : ટ્રેનોમાં સફાઈને મહત્વ**

અમદાવાદ,તા. ૨૪

દિલ્હી જતી ટ્રેનો માર્ચ મહિનાથી સાબરમતીથી ઉપડે તેવી તૈયારી હવે કરવામાં આવી રહી છે. જો દરેક બાબતો આયોજનપૂર્વક આગળ વધશે તો સાબરમતી રેલવે સ્ટેશન આગામી વર્ષે માર્ચમાં વધુ સુવિધા સાથે સજ્જ થશે. કારણ કે, વેસ્ટર્ન રેલવેએ પાંચ પ્લેટ ફોર્મ બનાવવાનો નિર્ણય કર્યો છે જેના પરિણામ સ્વરુપે ૨૪ કોચની ટ્રેનો રોકવા માટેની વ્યવસ્થા પણ થઈ શકશે. ડિવિઝનલ રેલવે ઓફિસર રાહુલ અગ્રવાલ કહી ચુક્યા છે કે, નિર્માણ કામ શરૂ થઈ ચુક્યું છે. જાન્યુઆરી સુધી આને પૂર્ણ કરી લેવામાં આવશે. સાબરમતી રેલવે સ્ટેશન અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના વિકલ્પ તરીકે રહેશે. ખાસ કરીને અમદાવાદથી ઉપડતી ટ્રેનો માટે વિકલ્પ બનશે. અમદાવાદથી દિલ્હી તરફ જતી ટ્રેનો માટે વિકલ્પ બની શકશે. અગ્રવાલનું કહેવું છે કે, આ સ્ટેશન પર બે બ્રોડગેજ પ્લેટફોર્મ છે અને એક મીટરગેજ પ્લેટફોર્મ છે.


સુવિધા સંપન્ન ઘરનું નવું સરનામુ

ગોતા ના સર્વોત્તમ પ્રોજેક્ટ માં બૂક કરાવો તમારા સપના નું આશિયાના

UNIQUE Aashiyana

2, 3 અને 4 બી. એચ. કે. એપાર્ટમેન્ટ્સ




સુવિધાઓ: હોમ થિયેટર, ડિસ્કોથેક, જેકુઝી, સિનીયર સીટીઝન પાર્ક, લાઈબ્રેરી અને ઘણું બધું...

Project is approved, financed & Mortgaged by Punjab National Bank

સાઇટ : યુનિક આશિયાના, સત્યમેવ વિસ્ટા ની પાછળ, એસ.જી હાઇવે, ગોતા, અમદાવાદ ફોન : +91 9687661655 / +91 9687661656

UNIQUE Perfection gets built






65 royal touch apartments

Gandhinagar, the State capital of Gujarat has secured its space on the global map with its farsighted projects like GIFT City & Info City. The most thoughtfully planned city of Gujarat,Gandhinagar is also blessed with promising future. It boasts of deep rooted culture vistas of faith like Akshardham temple. An auspicious land, Gandhinagar truly offers the best of the world for its dwellers.

Uma Projects

Mahalaxmi Royal palace

099797 33766 | 250, 460, 500 sq.yd.

3 & 4 BHK ROYAL LIFESTYLE APARTMENTS

Project by Uma Projects

Mahalaxmi-4, B/h. Swagat Rain Forest-1, koba-Gandhinagar Highway, Kudasan-Gandhinagar

Website : www.umaprojects.in | Email id : umaprojects@rediffmail.com



VAIBHAV FURNISHINGS INC.

RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER Fall in love with your home | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651



'નવરાત્રિ' બુકીંગ ચાલુ

૧૫૦૦ રૂ.ના એડવાન્સ બુકીંગ પર ૯ દિવસ ચણિયાચોળી / કે.ધોતી ભાડે મળશે.

વહેલા તે પહેલાના ધોરણે વેચાણ પણ ચાલુ છે.

બીઝનેસ વેચવાનો છે - ખરીદવા ઈચ્છતા તાત્કાલિક સંપર્ક કરે.

વંદના ભટ્ટ

૯૯૯૮૫૩૧૭૭૦/ ૯૪૨૬૯૮૭૧૩૦૯



સ્વતંત્ર બંગલો ભાડે / વેચાણ આપવાનો છે

લાઈટ, ગેસ, પાણીની ૨૪ કલાક સગવડવાળો 4BHK, ૨૮૩ વારના પ્લોટમાં ૩૦૦ વારના બાંધકામ સાથે, ગાર્ડન સાથે, સ્વતંત્ર બંગલો

બી-૧, શાન્તમ્ સોસાયટી, ગાંધીનગર-પેથાપુર રોડ, પેથાપુર

સંપર્ક : ૯૮૨૪૦ ૦૩૦૧૨, ૯૮૨૫૦ ૨૯૨૦૪



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225